અગ્રતા ક્રમ: ૨૦

વિભાગ :- શ્રમ, કૌશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : **૧૫/૪/૧૮૨૭**

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખઃ ૨૬/૦૨/૨૦૨૪

પ્રશ્નનું શીર્ષક : **સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત**

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર:

માન. ધારાસભ્યશ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ વરમોરા (ધ્રાંગધ્રા)

અગ્રતા ક્રમ : ૨૦

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૮૨૭

### અનુક્રમણિકા



| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક નોંધ | |
| પેટા પ્રશ્ન-૧ | કારખાના ધારા હેઠળ કયા પ્રકારની સંસ્થાને કારખાના તરીકે આવરી લેવામાં આવે છે? | શ્રી પ્રકાશભાઇ વરમોરા (ધ્રાંગધ્રા) |
| પેટા પ્રશ્ન-૨ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જીલ્લામાં તાલુકાવાર કેટલા કારખાનાઓ કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે? | શ્રી પ્રકાશભાઇ વરમોરા (ધ્રાંગધ્રા) |
| પેટા પ્રશ્ન-3 | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં કેટલા કારખાનાઓની તાલુકાવાર તપાસણી કરવામાં આવેલ છે? | શ્રી શામજીભાઇ ચૌહાણ (ચોટીલા) |
| પેટા પ્રશ્ન-૪ | વર્ષ ૨૦૨૩માં કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનામાં કારખાના ધારાની જોગવાઇઓ અન્વયે શું કાર્યવાહી કરવામાં આવેલ છે? | શ્રી શામજીભાઇ ચૌહાણ (ચોટીલા) |
| પેટા પ્રશ્ન-૫ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં કેટલા સેફ્ટી સેમીનાર/તાલીમો યોજવામાં આવેલ છે? | શ્રી પરસોત્તમભાઇ પરમાર (દસાડા) |

| | | |
|---|---|---|
| પેટા પ્રશ્ન-૬ | કારખાના ધારા હેઠળનાં ગુના માટે સજાની શું જોગવાઈ છે**?** | |
| પેટા પ્રશ્ન-૭ | પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં શ્રમિકોને વળતર ક્યા ધોરણે ચુકવવામાં આવે છે**?** | |
| પેટા પ્રશ્ન-૮ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં કેટલા ઔદ્યોગિક એકમોમાં જાનહાનીના બનાવો બનેલ છે અને કેટલા શ્રમિકોના મૃત્યુ થયેલ છે**?** તથા કેટલા શ્રમિકો ઘાયલ થયેલ છે. | |
| પેટા પ્રશ્ન-૯ | પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં કુલ કેટલા શ્રમયોગીઓને કાયદેસર અને રહેમરાહે કેટલું વળતર ચુકવવામાં આવેલ છે**?** | |
| પેટા પ્રશ્ન-૧૦ | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કેટલા કેસ નોંધાયા અને કેટલા કેસોનો નિકાલ થયો તથા હાલમાં કેટલા કેસો પડતર છે? | |
| પેટા પ્રશ્ન-૧૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન બનેલ પ્રાણઘાતક અકસ્માતમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે? | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન | ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1827

વિષય:

સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
| --- | --- | --- |
| 19/01/2024 | 20/02/2024 | 06/02/2024 |

*15/4/1827 શ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ વરમોરા (ધ્રાંગધ્રા)

શ્રમ અને રોજગાર જાણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જાણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા,

(૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે?

----

મેઈન પેજ પર જાઓ

## વિભાગે કરેલ જવાબ

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત**

*** ૧૫/૪/૧૮૨૭ શ્રી પ્રકાશભાઇ પરસોત્તમભાઇ વરમોરા (ધ્રાંગધ્રા) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલા લેવામાં આવેલ છે? | (૩) (૧) કારખાનાઓમાં, કારખાના અધિનિયમ ૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ મુજબ નિરિક્ષણ કરવામાં આવેલ છે.<br>(૨) નિરિક્ષણ દરમ્યાન સદરહુ કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૩) શ્રમયોગીઓ તથા કબ્જેદારોમાં ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા સેફ્ટી સેમિનારોનું આયોજન કરેલ છે. |

---

ગૃહમાં જવાબ આપવાની તા.૨૬/૨/૨૦૨૪

ક્ર:વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.-૩૩/મ(૩)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૩/૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગરના તા.૦૬/૦૨/૨૦૨૪ના પત્ર અનુસંધાને જવાબ અપલોડ કરેલ છે.

(ગંગુભા રાજ)
નાયબ સચિવ(શ્રમ)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાના: -
(૧) માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

મેઈન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

- પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન ઔદ્યોગિક એકમોમાં અકસ્માત થાય અને તેમાં કોઈ શ્રમયોગીઓનું મુત્યુ થાય તેવા કિસ્સામાં સરકારે કરવાની થતી કાર્યવાહીના સંદર્ભમાં છે.
- જ્યારે કોઈ ઔદ્યોગિક એકમમાં અકસ્માત થાય ત્યારે તે સંબંધીત કાર્યવાહી શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના નિયામકશ્રી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર દ્વારા કરવામાં આવે છે.
- ઉક્ત કચેરીના અધિકારીઓ ઔદ્યોગિક એકમોમાં અકસ્માતના સ્થળની મુલાકાત લઈ, કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ એકમની તપાસણી કરે છે.
- જો કોઈ શ્રમયોગી / કર્મચારીનું અવસાન થયેલ હોય તો તાત્કાલિક સહાય પેટે માલિક તરફથી માનવતાના ધોરણે રહેમરાહે વળતર અપાવવાના પ્રયત્ન તંત્ર દ્વારા કરવામાં આવે છે.
- જો ઔદ્યાગિક એકમ કામદાર રાજ્ય વિમા યોજના હેઠળ આવતુ હોય તો કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ માસીક પેન્શન સહાય ચુકવવામાં આવે છે.
- જો ઔદ્યોગિક એકમ કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ આવતું ન હોય તો કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ લેબર કોર્ટ દ્વારા કાયદેસરના વારસદારોને વળતર ચુકવવા ઔદ્યોગિક એકમોને હુકમ કરવામાં આવે છે.
- ઔદ્યોગિક એકમ સામે સાવચેતીના પગલા ન લેવા અંગે નામદાર કોર્ટમાં ફોજદારી કેસ કરવામાં આવે છે અને ન્યાયિક પ્રક્રિયા કરી અદાલત દ્વારા કારખાના સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે.

મેઈન પેજ પર જાઓ

# કારખાનાઓમાં થતા અકસ્માતોમાં વળતર

કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓ માં જ્યારે અકસ્માત થાય ત્યારે મૃત્યુ પામેલ શ્રમયોગી અથવા ઇજાને કારણે કાયમી અપંગતા આવે તેવા સંજોગોમા વળતર આપવા માટે ૨ (બે) કાયદા અસ્તિત્વ માં છે.

(૧) કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩

(૨) કામદાર રાજ્ય વિમા અધિનિયમ ૧૯૪૮

જે વિસ્તાર કામદાર રાજ્ય વિમા અધિનિયમ ૧૯૪૮ હેઠળ નોટીફાય થયેલ હોય અને શ્રમયોગીની માસિક આવક રૂ. ૨૧૦૦૦ (એકવીસ હજાર) સુધી હોય તેઓને ભારત સરકારના કાયદા 'કામદાર રાજ્ય વિમા અધિનિયમ ૧૯૪૮' હેઠળ આવરી લેવામા આવે છે અને આ કાયદા હેઠળ આવરી લેવાયેલ શ્રમયોગીઓ ને સદરહુ કાયદા હેઠળ નિયમાનુસાર માસિક પેંશન ભારત સરકારના કામદાર રાજ્ય વિમા નીગમ દ્વારા આપવામા આવે છે જ્યારે જે શ્રમયોગીઓ કામદાર રાજ્ય વિમા અધિનિયમ હેઠળ આવરી લેવામા આવેલ ન હોય તેવા શ્રમયોગીઓને કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ ની જોગવાઇ મુજબ માનનીય લેબર કોર્ટના જજ સમક્ષ નિયમાનુસાર રીકવરી દાખલ કર્યા બાદ વળતર ચુકવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

મેઈન પેજ પર જાઓ

## પૂરક નોંધ

ગુજરાત સરકારના સઘન પ્રયાસથી શ્રમ અને રોજગાર વિભાગનાં નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં કારખાનાઓમાં, કારખાના અધિનિયમ-૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ મુજબ કુલ- ૩૬૧ કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે. તથા આ નિરિક્ષણ દરમ્યાન સદરહું કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરી ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવે છે. વધુમાં શ્રમયોગીઓ તથા કબજેદારમાં ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં કુલ- ૨૨ સેફટી સેમિનારોનુ આયોજન કરેલ છે જેમા કુલ- ૪૭૩ શ્રમયોગીઓએ ભાગ લીધેલ હતો. તા: ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં કોઇ પ્રાણઘાતક અકસ્માત થયેલ નથી.

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૨૦ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૭** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી પ્રકાશભાઇ વરમોરા (ધ્રાંગધ્રા) | |
| | |
| પેટા પ્રશ્ન ૧ | કારખાના ધારા હેઠળ કયા પ્રકારની સંસ્થાને કારખાના તરીકે આવરી લેવામાં આવે છે**?** |
| **જવાબ** | કારખાનાની વ્યાખ્યા : જે સ્થળ પર ૧૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળીશક્તિની મદદથી ઉત્પાદન પ્રક્રિયા કરવામા આવતી હોય અથવા જે સ્થળ પર ૨૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળીશક્તિની મદદ વગર  ઉત્પાદન પ્રક્રિયા કરવામા આવતી હોય તેવા સ્થળને કારખાના તરીકે કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધણી કરવામા આવે છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૨૦ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૭** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી પ્રકાશભાઇ વરમોરા (ધ્રાંગધ્રા) | |
| | |
| પેટા પ્રશ્ન ૨ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જીલ્લામાં તાલુકાવાર કેટલા કારખાનાઓ કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે**?** |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જીલ્લામાં કુલ- ૯૦૪ કારખાના કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે. |

જેની તાલુકાવાર વિગત આ મુજબ છે.

| ક્રમ | તાલુકાનુ નામ | કુલ કારખાનાઓ |
|---|---|---|
| ૧ | મુળી | ૫૮ |
| ૨ | દસાડા | ૪૨ |
| ૩ | ચોટીલા | ૭૬ |
| ૪ | વઢવાણ | ૨૯૩ |
| ૫ | ધ્રાંગધ્રા | ૬૦ |
| ૬ | સાયલા | ૧૨ |
| ૭ | લીંબડી | ૨૩ |
| ૮ | લખતર | ૩૧ |
| ૯ | ચુડા | ૦૪ |
| ૧૦ | થાનગઢ | ૩૦૫ |
| | કુલ | ૯૦૪ |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૨૦ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૭** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી શામજીભાઇ ચૌહાણ ( ચોટીલા ) | |
| | |
| પેટા પ્રશ્ન ૩ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં કેટલા કારખાનાઓની તાલુકાવાર તપાસણી કરવામાં આવેલ છે**?** |
| **જવાબ** | સુરેન્દ્રનગર જીલ્લામાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કુલ- ૩૬૧ કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે. જેની વિગત આ મુજબ છે. |

| તાલુકાનુ નામ | તપાસણીની સંખ્યા |
|---|---|
| મુળી | ૯ |
| દસાડા | ૩૩ |
| ચોટીલા | ૩૦ |
| વઢવાણ | ૧૩૭ |
| ધ્રાંગધ્રા | ૨૪ |
| સાયલા | ૧ |
| લીંબડી | ૭ |
| લખતર | ૫ |
| ચુડા | ૦ |
| થાનગઢ | ૧૧૫ |
| કુલ | ૩૬૧ |

મેઈન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ: ૨૦ | |
|---|---|
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૭** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી શામજીભાઇ ચૌહાણ ( ચોટીલા ) | |
| | |
| પેટા પ્રશ્ન ૪ | વર્ષ ૨૦૨૩માં કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનામાં કારખાના ધારાની જોગવાઇઓ અન્વયે શું કાર્યવાહી કરવામાં આવેલ છે**?** |
| **જવાબ** | વર્ષ ૨૦૨૩માં સુરેન્દ્રનગર જીલ્લામાં નોંધાયેલ કારખાનાઓમાં કારખાના ધારાની વિવિધ જોગવાઈઓ ના ભંગ બદલ **કુલ-** ૧૬ કારખાના સામે કુલ**-** ૭૪ ફોજદારી કેસો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. જેની વિગતો આ મુજબ છે. |

| કારખાનાની સંખ્યા | કરેલ કેસ | પડતર કેસ | નિકાલ કેસ | કુલ દંડ |
|---|---|---|---|---|
| ૧૬ | ૭૪ | ૫૧ | ૨૩ | રૂ ૧,૩૦,૦૦૦ (એક લાખ ત્રીસ હજાર) |

મેઈન પેજ પર જાઓ

| |
|---|
| અગ્રતા ક્રમ: ૨૦ |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૭** |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી પરસોત્તમભાઇ પરમાર ( દસાડા ) |

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૫ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં કેટલા સેફ્ટી સેમીનાર/તાલીમો યોજવામાં આવેલ છે? |
| **જવાબ** | સુરેન્દ્રનગર જીલ્લામાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કુલ- ૨૨ સેફ્ટી સેમીનાર/ તાલીમો યોજવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે. |

| તાલુકાનુ નામ | સેફ્ટી સેમીનાર/ટ્રેનીગ પ્રોગ્રામની સંખ્યા | હાજર રહેલ શ્રમયોગીઓની |
|---|---|---|
| મુળી | ૧ | ૨૫ |
| દસાડા | ૨ | ૩૫ |
| ચોટીલા | ૨ | ૩૫ |
| વઢવાણ | ૬ | ૧૩૩ |
| ધ્રાંગધ્રા | ૧ | ૨૫ |
| સાયલા | ૧ | ૨૫ |
| લીંબડી | ૧ | ૨૫ |
| લખતર | ૧ | ૨૫ |
| ચુડા | ૦ | ૦ |
| થાનગઢ | ૭ | ૧૪૫ |
| કુલ:- | ૨૨ | ૪૭૩ |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૨૦ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૭** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૬ | કારખાના ધારા હેઠળનાં ગુના માટે સજાની શું જોગવાઈ છે**?** |
| **જવાબ** | કારખાના ધારા ૧૯૪૮ની કલમ-૯૨ હેઠળ ૧ (એક) લાખ રૂપિયા સુધીના દંડ અથવા ૨(બે) વર્ષ સુધીની સજા અથવા બન્ને ની જોગવાઇ છે. |

મેઈન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ: ૨૦ | |
|---|---|
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૭** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૭ | પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં શ્રમિકોને વળતર ક્યા ધોરણે ચુકવવામાં આવે છે**?** |
| **જવાબ** | પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમિકોના વારસદારોને વળતર બે રીતે ચુકવવામાં આવે છે. જે કારખાનાને કામદાર રાજ્ય વીમા અધિનિયમ ૧૯૪૮ ની જોગવાઇઓ લાગુ પડતી હોય ત્યાં કામદાર રાજ્ય વીમા અધિનિયમ ૧૯૪૮ હેઠળ વળતર ચુકવવામાં આવે છે અથવા જયાં કામદાર રાજ્ય વીમા અધિનિયમ ૧૯૪૮ નોટીફાઇડ એરીયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરીટી (વળતર કમિશ્નર) દ્વારા વળતર ચુકવવામાં આવે છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૨૦ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૭** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૮ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં કેટલા ઔદ્યોગિક એકમોમાં જાનહાનીના બનાવો બનેલ છે અને કેટલા શ્રમિકોના મૃત્યુ થયેલ છે**?** તથા કેટલા શ્રમિકો ઘાયલ થયેલ છે. |
| **જવાબ** | સુરેન્દ્રનગર જિલ્લામાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન ઔદ્યોગિક એકમમાં કોઇ જાનહાનીનો બનાવ બનેલ નથી. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૨૦ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૭** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૯ | પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં કુલ કેટલા શ્રમયોગીઓને કાયદેસર અને રહેમરાહે કેટલું વળતર ચુકવવામાં આવેલ છે**?** |
| **જવાબ** | સુરેન્દ્રનગર જિલ્લામાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન ઔદ્યોગિક એકમોમાં કોઇ પ્રાણઘાતક અકસ્માત થયેલ ન હોવાથી વળતર ચુકવવાનું થતું નથી. |

**મેઈન પેજ પર જાઓ**

<table>
<tr><td colspan="2">અગ્રતા ક્રમ: ૨૦</td></tr>
<tr><td colspan="2">વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૨૭</td></tr>
<tr><td colspan="2">પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:</td></tr>
<tr><td colspan="2"></td></tr>
<tr><td>પેટા પ્રશ્ન ૧૦</td><td>તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન  કેટલા કેસ નોધાયા અને કેટલા કેસોનો નિકાલ થયો તથા હાલમાં કેટલા કેસો પડતર છે?</td></tr>
<tr><td>જવાબ</td><td>તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કુલ- ૪૪૧ કેસો નોંધાયા અને કુલ- ૩૯૩ કેસોનો નિકાલ થયો તથા હાલમાં કુલ- ૫૧ કેસો પડતર છે.</td></tr>
</table>

**મેઈન પેજ પર જાઓ**

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૨૦ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૨૭ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૧૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન બનેલ પ્રાણઘાતક અકસ્માતમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે? |
| **જવાબ** | તંત્રની સતર્કતાને કારણે ઉક્ત સમયગાળા દરમિયાન કોઇ પ્રાણઘાતક અકસ્માત થયેલ નથી. જેથી કોઇ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મેઈન પેજ પર જાઓ